પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૮૪ | ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ગાંધીનગર સહિત દેશમાં સીબીઆઈના દરોડા

**કાશ્મીર એસઆઈ ભરતી કૈભાંડમાં ગાંધીનગર સહિત દેશમાં ૩૩ સ્થળે સીબીઆઈના દરોડા : જમ્મુ-કાશ્મીર સબ ઈન્સ્પેક્ટરની ભરતીમાં કથિત અનિયમિતતાઓ પર કાર્યવાહી : એજન્સીએ જમ્મુ, શ્રીનગર, હરિયાણાના કરનાલ, મહેન્દ્રગઢ, રેવાડી, ગુજરાતના ગાંધીનગર, દિલ્હી, ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ અને કર્ણાટકના બેંગ્લોરમાં દરોડા પાડ્યા**

ગાંધીનગર, તા.૧૩

જમ્મુ-કાશ્મીર સબ ઈન્સ્પેક્ટરની ભરતીમાં કથિત અનિયમિતતાઓને લઈને સીબીઆઈએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. સીબીઆઈની ટીમે ગુજરાતના ગાંધીનગર સહિત દેશભરમાં ૩૩ સ્થળોએ દરોડા પાડ્યા છે. ગુજરાત ઉપરાંત ઉત્તર પ્રદેશ, દિલ્હી, કર્ણાટક અને હરિયાણામાં પણ સીબીઆઈ ત્રાટક્યું છે. અનેક મોટા માથાઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. સીબીઆઈનું સર્ચ ઓપરેશન આજે એટલે કે, મંગળવારે જમ્મુ-કાશ્મીર એસએસબીના પૂર્વ અધ્યક્ષ ખાલિદ જહાંગીરના પરિસર સહિત ૩૩ સ્થળોએ ચાલી રહ્યું છે. અધિકારીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીર સર્વિસિસ સિલેક્શન બોર્ડ (જેકેએસએસબી)ના પરીક્ષા નિયંત્રક અશોક કુમારના પરિસરનમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે.

સીબીઆઈના આ દરોડા રાજધાની દિલ્હી સહિત દેશભરમાં ૩૩ સ્થળો પર પાડવામાં આવ્યા છે. એજન્સીએ જમ્મુ, શ્રીનગર, હરિયાણાના કરનાલ, મહેન્દ્રગઢ, રેવાડી, ગુજરાતના ગાંધીનગર, દિલ્હી, ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ અને કર્ણાટકના બેંગ્લોરમાં દરોડા પાડ્યા છે. જો અધિકારીનું માનીએ તો સીબીઆઈ દ્વારા કથિત ગેરરીતિઓની તપાસના સંદર્ભમાં દરોડાનો આ બીજો રાઉન્ડ છે.

એજન્સીએ જણાવ્યું કે, સીબીઆઈએ જમ્મુ-કાશ્મીર પોલીસમાં એસઆઈના પદ માટે ૨૭-૦૩-૨૦૨૨ના રોજ જમ્મુ અને કાશ્મીર જેકેએસએસબીદ્વારા આયોજિત લેખિત પરીક્ષામાં અનિયમિતતાઓના આરોપમાં ૩૩ આરોપીઓ વિરુદ્ધ જમ્મુ-કાશ્મીર તંત્રના અનુરોધ પર કેસ દાખલ કર્યો હતો. જમ્મુ અને કાશ્મીર વહીવટી તંત્રએ ગયા મહિને અનિયમિતતાની ફરિયાદોને પગલે જમ્મુ અને કાશ્મીર પોલીસમાં સબ-ઈન્સ્પેક્ટર (એસઆઈ)ની ભરતી રદ કરી હતી અને પસંદગી પ્રક્રિયાની તપાસ સીબીઆઈને સોંપી હતી.

## ઈલેક્ટ્રિક બાઈક ચાર્જ કરતી વખતે શો-રૂમમાં આગ

**સિંદરાબાદના ઈલેક્ટ્રિક શોરૂમમાં આગ : ૬ના મોત : અહીં પોરુર-કુંદરા સ્થિત શોરૂમમાં એક કસ્ટમરે તેની ઈ-બાઈકની બેટરીને ચાર્જિંગ માટે મુકી હતી**



હૈદરાબાદ,તા.૧૩

તેલંગાનાની રાજધાની હૈદરાબાદની નજીક આવેલા સિકંદરબાદમાં ઈલેક્ટ્રિક બાઈકના શોરૂમમાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડની બે ગાડીઓએ આગને કાબુમાં લઈ લીધી છે. મોડી રાતે થયેલી આ ઘટનામાં ૬ લોકોના મૃત્યુ થયા છે. બાકીના લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. હૈદરાબાદના નોર્થ ઝોનની ઉપર ડીએસપીએ જણાવ્યું કે શોર્ટ સર્કિટના કારણે સિકંદરાબાદમાં પાસપોર્ટ ઓફિસની પાસે ઈલેક્ટ્રિક બાઈકના શોરૂમમાં આગ લાગી

● અનુસંધાન પાન-૭ પર

## કોલકાતામાં પોલીસ-ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ

**નવાન્ન અભિયાનની શરૂઆત પહેલા જ પોલીસે હુગલીથી બીજેપી સાંસદ લોકેટ ચેટર્જી, બીજેપી નેતા રાહુલ સિંહા અને બીજા હુગલી સેતુ પાસે સુવેન્દુ અધિકારી સહિત અન્ય નેતાઓને કસ્ટડીમાં લેવાયા**

કોલકાતા, તા.૧૩

ભ્રષ્ટાચારને લઈને રાજ્ય સરકાર વિરુદ્ધના નબન્ન અભિયાન દરમિયાન, મંગળવારે બપોરે હાવડાના સંતરાગાચી અને હાવડા મેદાનથી કોલકાતા તરફ ભાજપની રાજ્ય સચિવાલય તરફની કૂચને પોલીસે અટકાવી હતી. સૌપ્રથમ તો સંતરાગાચી બસ સ્ટેન્ડ નજીકથી બીજેપી કાર્યકર્તાઓ નવન્નાની તરફ આગળ વધ્યા તો પોલીસે તેમને રોક્યા. આ પછી ભાજપના કાર્યકરોએ બેરિકેડિંગ તોડવાનો પ્રયાસ કર્યો, જેના કારણે પોલીસ સાથે હિંસક અથડામણ થઈ.

આ દરમિયાન બીજેપી કાર્યકર્તાઓએ પોલીસ પર પથ્થરમારો પણ શરૂ કરી દીધો હતો, જે બાદ પોલીસે



લાઠીચાર્જની સાથે ટીયર ગેસ અને વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો. આમાં ઘણા કાર્યકરો ઘાયલ પણ થયા છે. આ પછી હાવડા મેદાન વિસ્તારમાં નબન્ન પ્રચાર દરમિયાન બીજેપી કાર્યકર્તાઓએ બેરિકેડ્સ તોડવાનો પ્રયાસ કર્યો, ત્યારબાદ પોલીસ સાથે ઉગ્ર અથડામણ થઈ. પોલીસે લાઠીચાર્જ સાથે વોટર કેનનનો ઉગ્ર ઉપયોગ કર્યો હતો.

કોલકાતામાં પણ પોલીસ અને ભાજપના કાર્યકરો વચ્ચે ઉગ્ર અથડામણ થઈ છે. બીજી તરફ સંતરાગાચીમાં રહેતા પોલીસ અને ભાજપ સમર્થકો વચ્ચે ઘર્ષણ થયું હતું. આ દરમિયાન ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ વાહનને પણ આગ ચાંપી દીધી હતી. આ અંગે ભારે તંગદિલીનો માહોલ છે. ભાજપના કાર્યકરો પર પોલીસ પર પથ્થરમારો કરવાનો આરોપ છે. આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલીનો માહોલ છે. પોલીસની પરવાનગી ન હોવા છતાં ભાજપના કાર્યકરો કૂચ કાઢવા પર અડગ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ત્રણ દિવસ ઉત્તર-પશ્ચિમ ભારતમાં વરસાદની આગાહી

**બંગાળની ખાડીમાં લો પ્રેશર : ૨૪ કલાક દરમિયાન મધ્યપ્રદેશ, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્રના ઘાટવાળા ક્ષેત્રો, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની શક્યતા છે**

નવી દિલ્હી,તા.૧૩

ભારતીય મોસમ વિભાગે ૧૪થી ૧૬ સપ્ટેમ્બ સુધી ઉત્તર-પશ્ચિમ ભારત અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ સુધી દક્ષિણ ગુજરાત, ઉત્તરી મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. બંગાળની ખાડીમાં બનેલા લો પ્રેશર એરિયાના કારણે પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહારમાં વરસાદ થશે. આ મોસમી સિસ્ટમ આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર-પશ્ચિમ તરફ સમગ્ર મધ્યપ્રદેશમાં આગળ વધવાનું અનુમાન છે. આગામી ૨૪ કલાક દરમિયાન મધ્યપ્રદેશ, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્રના ઘાટવાળા ક્ષેત્રો, કોંકણ અને ગોવામાં ભારે વરસાદની શક્યતા છે. ઉત્તરાખંડ, દક્ષિણપૂર્વ ઉત્તરપ્રદેશ, પૂર્વી રાજસ્થાન, વિદર્ભ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી છે. રાજધાની દિલ્હી અને તેની આસપાસના ક્ષેત્રોમાં ૧૬ સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદ પડવાનું અનુમાન છે.

આઈએમડીના જણાવ્યા મુજબ, ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ ઉત્તરી આંધ્રપ્રદેશ અને ઓરિસ્સાના તટ પર સમુદ્રની સ્થિતિ ખૂબ ખરાબ રહેશે. મોસમ વિભાગે માછીમારોને સમુદ્ર તટથી દૂર રહેવાની સલાહ આપી છે.

## પંજાબમાં ટ્રેલર નીચે કાર કચડાતા પરિવારનાં ત્રણનાં મોત

**પંજાબમાં ફગવારા-ચંદીગઢ હાઈવે પર બેહરામમાં ગંભીર અકસ્માત : અકસ્માતમાં ટ્રેઈલર નીચે કાર દબાઈ ગયા પછી તેમાં ભરેલો સામાન પણ રસ્તા પર ઢોળાઈ ગયો હતો**



ચંદિગઢ, તા.૧૩

ઝડપની મજા મોતની સજા બની જતી હોય છે, તેનું વધુ એક ઉદાહરણ સામે આવ્યું છે. પંજાબમાં ફગવારા-ચંદીગઢ હાઈવે પર બેહરામમાં રૂંવાડા ઉભા થઈ જાય એટલો ગંભીર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થઈ ગયા છે. અકસ્માતની ઘટનામાં કાર ડ્રાઈવર અને ટ્રેઈલર બન્નેની ઉતાવળ એક પરિવાર માટે ભારે પડી ગઈ છે. અકસ્માતની ઘટના બાદ લોકો ટ્રેઈલરની નીચે ફસાયેલા પરિવારને બચાવવા માટે દોડ્યા હતા પરંતુ તેમનો જીવ બચાવી શકાયો નહોતો. પોલીસે હવે આ અકસ્માત માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી હાથ ધરી છે. અકસ્માતમાં ટ્રેઈલર નીચે કાર દબાઈ ગયા પછી તેમાં ભરેલો સામાન પણ રસ્તા પર ઢોળાઈ ગયો હતો.

આ ઘટનાનો વિડીયો સામે આવ્યો છે જેમાં દેખાય છે કે સામેના ભાગેથી આવી રહેલું

● અનુસંધાન પાન-૭ પર

## ભારતના એટર્ની જનરલ તરીકે મુકુલ રોહતગીની નિમણૂક

**કેકે વેણુ ગોપાલનો કાર્યકાળ ૩૦ સપ્ટેમ્બરે સમાપ્ત થશે : રોહતગી આ અગાઉ જૂન ૨૦૧૪માં પણ એટર્ની જનરલના રૂપમાં નિયુક્ત થયા હતા**

નવી દિલ્હી, તા.૧૩

ભારતના એટર્ની જનરલના રૂપમાં મુકુલ રોહતગીની નિયુક્તિ



કરવામાં આવી છે. તેઓ ૧ ઓક્ટોબરથી પોતાનો બીજો કાર્યકાળ શરૂ કરશે. રોહતગી કેકે વેણુ ગોપાલનું સ્થાન લેશે જેમનો કાર્યકાળ ૩૦ સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. રોહતગી આ અગાઉ જૂન ૨૦૧૪માં પણ એટર્ની જનરલના રૂપમાં નિયુક્ત થયા હતા અને જૂન ૨૦૧૭ સુધી સેવા આપી હતી. તેમની આ બીજી વખત નિયુક્તિ થઈ રહી છે. તમને જણાવી દઈએ કે, હાલના એટર્ની જનરલ કેકે વેણુગોપાલની સેવા ૩૦ જૂનના રોજ સમાપ્ત થઈ ચૂકી હતી પરંતુ તેમનો સેવા વિસ્તાર કરવામાં આવ્યો હતો.

મુકુલ રોહતગી ૧ ઓક્ટોબર ૨૦૨૨થી એટર્ની જનરલના તરીકે પોતાનો બીજો કાર્યકાળ શરૂ કરશે. વેણુગોપાલે તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટને સંકેત આપ્યો હતો કે, તેઓ ૩૦ સપ્ટેમ્બર બાદ પદ પર નહીં હશે. આ વર્ષે જૂન મહિનાના અંતમાં વેણુગોપાલનો કાર્યકાળ ૩ મહિના માટે વધારી દીધો હતો. એક્સ્ટેંશન મળ્યા બાદ એટર્ની જનરલ તરીકેનો તેમનો કાર્યકાળ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે.

## દાદરા નગર હવેલીની જિલ્લા પંચાયતમાં હવે ભાજપનું શાસન

**JDUના સભ્યો ભાજપમાં જોડાયા : નીતીશકુમારે ભાજપ સાથેના છેડો ફાડી અને આરજેડી સાથે મળી સરકાર બનાવતા ભાજપ સત્તા વિહોણું થયું હતું**



સેલવાસ,તા.૧૩

દાદરાનગર હવેલીના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતમાં સત્તાધારી પક્ષે સામૂહિક પક્ષપલટો કર્યો છે. મોહન ડેલકરના સમર્થકો અને ત્નર્દ્વેનું ગઠબંધન સત્તા પર હતું. જેમાં ચૂંટાયેલા ૧૭ માંથી ૧૫ સભ્યોએ કેસરિયા કરી લીધા છે. દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતની કુલ ૨૦ બેઠકોમાંથી ૧૭ પર ત્નર્દ્વે અને ડેલકરના સમર્થકો હતા. જ્યારે ૩ બેઠકો ભાજપ પાસે હતી. માત્ર ૩ સભ્યો ધરાવતી ભાજપ હવે જિલ્લા પંચાયતમાં સત્તા મેળવી. ગઠબંધનના સભ્યોએ ભાજપમાં જોડાયાની કલેક્ટરને લેખિતમાં જાણ કરી. ત્યારે આગામી સમયમાં પ્રદેશના રાજકારણમાં અનેક ચોંકાવનારા બદલાવ થાય તેવા એંધાણ છે. બિહારમાં નીતીશકુમારે ભાજપ સાથેના છેડો ફાડી અને આરજેડી સાથે મળી સરકાર બનાવતા ભાજપ સત્તા

● અનુસંધાન પાન-૭ પર

## સેન્સેક્સનો ૪૫૬ પોઈન્ટનો કૂદકો, નિફ્ટી ૧૮૦૫૦ પોઈન્ટ ઉપર

**બજારમાં જોરદાર ખરીદીના કારણે સતત ચોથા સત્રમાં તેજીનો દબદબો : શેરબજારમાં આજે મોટા ભાગના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી**

મુંબઈ, તા.૧૩

બજારમાં જોરદાર ખરીદીના કારણે મંગળવારે સતત ચોથા સત્રમાં તેજીનો દબદબો રહ્યો હતો. મંગળવારે છેલ્લા ટ્રેડિંગ સેશનના અંતે જીૈં ્જીઈ સેન્સેક્સ ૪૫૬ પોઈન્ટ વધીને ૬૦૫૭૧ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૧૮૦૭૦ પર બંધ થયો હતો. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ આજે ૪ મહિના પછી ૧૮૦૦૦ની સપાટીને સ્પર્શી હતો.

સેન્સેક્સના ૩૦માંથી ૨૩ અને નિફ્ટીના ૫૦માંથી ૩૪ શેર વધ્યા હતા. બજાજ ફિનસર્વ, ઈન્ડસઈન્ડ બેંક, ભારતી એરટેલ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, એલએન્ડટી, બ્રિટાનિયા, બજાજ ફાઈનાન્સ, એસબીઆઈ લાઈફ અને ટાટા મોટર્સે બજારમાં રેલીનું નેતૃત્વ કર્યું હતું. આ તમામ સ્ટોકનો અંત લીલા નિશાન પર બંધ થયા હતા. શ્રી સિમેન્ટ, સિપ્લા, આઈશર મોટર્સ, ટીસીએસ, બીપીસીએલ, ડો રેડ્ડીઝ અને બજાજ ઓટો ટોપ લુઝર્સમાં હતા.

વૈશ્વિક ઈક્વિટીમાં થયેલા ફાયદાએ પણ સ્થાનિક બજારોને ટેકો આપ્યો હતો. એશિયામાં શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ લગભગ ૦.૧ ટકા, જાપાનનો નિક્કી ૨૨૫ ૦.૩ ટકા અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨.૭ ટકા વધ્યો હતો.

## આવશ્યક દવાઓની યાદીમાં નવી ૩૪ દવા ઉમેરાઇ, ૨૬ દૂર કરાઈ

**મોંઘવારીના માર વચ્ચે દવાઓનો ખર્ચ ઘટે તેવી આશા : છેલ્લે વર્ષ ૨૦૧૫ બાદ સુધારો કરાયાના છ વર્ષ બાદ વર્ષ ૨૦૨૨માં નેશનલ ઇનિશિયલ લિસ્ટ ઓફ મેડિશીન્સમાં ફેરફાર કરાયો**

નવી દિલ્હી, તા.૧૩

મોંઘવારીના માર વચ્ચે દવાઓનો ખર્ચ ઘટે તેવી આશા જાગી છે. સરકાર દ્વારા છ વર્ષ બાદ આવશ્યક દવાઓની સુધારેલી નવી યાદી જાહેર કરવામાં આવી છે. આ નવી યાદીમાં નવી ૩૪ દવાઓ ઉમેરાઈ છે તો બીજી બાજુ ૨૬ દવાઓ યાદીમાંથી દૂર કરાઈ છે.

છેલ્લે વર્ષ ૨૦૧૫ બાદ સુધારો કરાયાના છ વર્ષ બાદ વર્ષ ૨૦૨૨માં નેશનલ ઈનિશિયલ લિસ્ટ ઓફ મેડિશીન્સ (એનઈએલએમ)માં ફેરફાર કરાયો છે.કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યુ કે, આ યાદીમાં કઈ દવાનો સમાવેશ કરવો તેનો નિર્ણય સ્વતંત્ર સમિતિ કરે છે. ૩૫૦ એક્સપર્ટ અને ૧૪૦ બાર કન્સલ્ટેશન કરાયા બાદ આ યાદી તૈયાર થઈ છે. આ યાદીમાં જે દવાઓ છે તે સુરક્ષા, અફોર્ડેબિલિટી (વાજબી) અને એક્સસિબિલિટી (ઉપલબ્ધતા) પર આધારિત હોય છે. આ યાદીમાં સામેલ ૩૮૪ દવામાં લગભગ ૧૦૦૦થી વધારે ફોર્મ્યુલેશન ડ્રગ્સ છે. જ્યારે વર્ષ ૨૦૧૫માં ૩૭૬ દવાઓમાં આશરે ૮૦૦ ફોર્મ્યુલેશન ડ્રગ્સને આવરી લેવાયા હતા. શિડ્યુલ્ડ ડ્રગ્સ કે જે વર્ષ ૨૦૧૫માં આ યાદીનો હિસ્સો હતી, તેણે લગભગ રૂ. ૧.૬થી ૧.૭ લાખ કરોડની મૂલ્યના સ્થાનિક ફાર્મા માર્કેટમાં ૧૭-૧૮ ટકા યોગદાન આપ્યું હતું. એનએલઈએમ યાદીમાં સામેલ દવાઓને શિડ્યુલ્ડ ડ્રગ્સ કહેવાય છે અને તેની કિંમત જથ્થાબંધ ફુગાવાના આધારે એનપીપીએ દ્વારા નક્કી કરાઈ છે. ફાર્મા કંપનીઓની શિડ્યુલ્ડ ડ્રગ્સની કિંમતમાં દર વર્ષે મહત્તમ ૧૦ ટકા વધારો કરવાની મંજૂરી અપાઈ છે. વર્ષ ૧૯૯૬માં પ્રથમવાર આ યાદી જાહેર કરાઈ ત્યારે ૨૭૯ દવાઓ હતી અને ત્યારબાદ સમયાંતરે સુધારો કરાયો છે. સામાન્ય રીતે દર ત્રણ વર્ષે યાદીમાં સુધારો કરાય છે જો કે આ વખત છ વર્ષ જેટલા લાંબા સમયગાળા બાદ સુધારો કરવામાં આવ્યો છે.

## ભારતમાં કૃષિ પેદાશોની કુલ નિકાસ વાર્ષિક તુલનાએ ૩૦ ટકા વધી

**નિકાસ ૯.૬ અબજ ડોલર નોંધાઇ : અપેડાના આંકડા અનુસાર એપ્રિલથી જુલાઇ દરમિયાન દેશમાંથી ફળો અને શાકભાજીની નિકાસમાં ચાર ટકાનો વધારો નોંધાયો**

નવી દિલ્હી, તા.૧૩

કોરોના મહામારી વખતે ભારતના કૃષિ ક્ષેત્રે પ્રોત્સાહક નિકાસ વૃદ્ધિ દર્શાવી હતી અને હાલના આર્થિક મંદીના માહોલ વચ્ચે પણ વૃદ્ધિનો ટ્રેન્ડ ચાલુ રહ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં એપ્રિલથી જુલાઈ સુધીના પ્રથમ ચાર મહિનામાં ભારતમાં કૃષિ પેદાશોની કુલ નિકાસ વાર્ષિક તુલનાએ ૩૦ ટકા વધીને ૯.૬ અબજ ડોલર નોંધાઈ છે.

એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (અપેડા)ના આંકડા અનુસાર એપ્રિલથી જુલાઈ દરમિયાન દેશમાંથી ફળો અને શાકભાજીની નિકાસમાં ચાર ટકાનો વધારો નોંધાયો છે.

વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨-૨૩ માટે, કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ માટે ૨૩.૫૬ અબજ ડોલરની નિકાસનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

બાસમતી ચોખાની નિકાસમાં વર્ષ ૨૦૨૨-૨૩ના પ્રથમ ચાર મહિના દરમિયાન ૨૯.૧૩ ટકાની ઝડપી વૃદ્ધિ જોવા મળી છે કારણ કે, તેની નિકાસ એપ્રિલ-જુલાઈ ૨૦૨૧ના ૧.૨૧ અબજ ડોલરથી વધીને એપ્રિલ-જુલાઈ ૨૦૨૨ દરમિયાન ૧.૫૬ અબજ ડોલર નોંધાઈ છે.